દીનાનાથ તમે મારી રક્ષા કરો, મમ મસ્તક પર તવ હસ્ત ધરો, હરિ હૈયા તણો સહુ મેલ હરો, સદ્‌વિચાર અને સદ્‌ભાવ ભરો.

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૭૩૫ |
| અમદાવાદ | ૧૮૩ |
| ગાંધીનગર | ૨૧ |


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૧૮ ૭ જુલાઈ, ૨૦૨૦, મંગળવાર; અષાઢ વદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ચીની સૈનિકોની ૧.૫ કિમી પીછેહઠ

**ભારતે પ્રચંડ લશ્કરી તાકાતનું પ્રદર્શન કરતા ચીન ફફડયું : - સૈન્ય સ્તરની વાતચીતનું હકારાત્મક પરિણામ : સંઘર્ષવાળો વિસ્તાર બફર ઝોન બન્યો, તંબુ ઉપાડી નાખ્યા, વાહનો રિવર્સમાં લીધા, ૩ પોસ્ટ ખાલી કરી : જો કે બીજી તરફ પૈંગોગ તળાવ પાસે બંને દેશોની સેનાએ પીછેહટ નથી કરી**



ન્યુ દિલ્હી,તા.૬

ભારત-ચીન વચ્ચે ૧૫ જૂનની હિંસક ઝપાઝપી પછી બંને દેશો વચ્ચે થયેલી ડિપ્લોમેટિક અને આર્મી લેવલની બેઠકોના છેલ્લા ૪૮ કલાકોથી ચાલતા સતત પ્રયત્નો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લેહ મુલાકાતે રંગ લાવ્યાં હોય તેમ ચીનના સૈનિકો લાઈન ઓફ એક્ચ્યુઅલ કન્ટ્રોલ પર તેમની તરફ ૧.૫ કિમી પાછળ ખસી ગયા છે. એક રીતે જોતા ચીનની પીછેહઠ થઈ છે અને આ તણાવમાં ભારતનો હાથ ઉપર રહ્યો છે. જે ભારતની જીત સમાન માનવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શુક્રવારની અચાનકલેહ- લદાખ મુલાકાત પછી બંને દેશો વચ્ચે તણાવ ઓછો કરવાના પ્રયાસો હાથ ધરાયા હતા.

**લદ્દાખમાં જવાનો માટે સ્પેશિયલ ટેન્ટનો ઓર્ડર આપવામાં આવશે, હોવિત્ઝર માટે ગોળા ખરીદવામાં આવશે : વડાપ્રધાન મોદીની લદ્દાખ મુલાકાત સફળ..!, લદ્દાખ સરહદ વિવાદમાં હવે અજીત ડોભાલની 'એન્ટ્રી'!**

● અનુસંધાન પાન-૭ પર

# દક્ષિણ ચીન સમુદ્રમાં યુએસ કવાયતનું જોરશોરથી પ્રદર્શન

**એરક્રાફ્ટ બી-પરએચ દક્ષિણી ચીન સમુદ્ર ઉડ્યું : ચીનની ધમકી બાદ ૧૧ અમેરિકન લડાકુ વિમાનોએ દક્ષિણ ચીન સમુદ્રના વિવાદિત વિસ્તારમાં એકી સાથે ઉડાન ભરી**

વોશિંગ્ટન, તા. ૬

દક્ષિણ ચીન સમુદ્રમાં યુ.એસ. અને ચીની નૌકાદળની કામગીરીનું વાતાવરણ તંગ બની ગયું છે. દરમિયાન, વિશ્વ વિખ્યાત યુએસ બોમ્બર એરક્રાફ્ટ બી -પર એચ દક્ષિણ ચીન સમુદ્ર ઉપર ઉડ્યું છે. યુએસ નેવી દક્ષિણ ચીન સમુદ્રમાં ચાલી રહેલી યુ.એસ. કવાયતોમાં જોરશોરથી પ્રદર્શન કરી રહી છે. ચીનની ધમકી બાદ ૧૧ અમેરિકન લડાકુ વિમાનોએ દક્ષિણ ચીન સમુદ્રના વિવાદિત વિસ્તારમાં એક સાથે ઉડાન ભરી હતી. આ સમય દરમિયાન, ચીને ફક્ત ઘણું આપવાનું ચાલુ રાખ્યું. યુએસની આ આક્રમક કાર્યવાહીથી ઉશ્કેરાયેલા, ચીનના સત્તાવાર અખબાર ગ્લોબલ ટાઈમ્સે તેને શક્તિનું ખુલ્લું પ્રદર્શન ગણાવ્યું. યુ.એસ. બી.-પર એચ બોમ્બર, પરમાણુ બોમ્બ વહન કરવામાં સક્ષમ, યુએસના ૧૦ અન્ય લડાકુ વિમાનો અને સર્વેલન્સ વિમાન સાથે, રવિવારે એક સાથે દક્ષિણ ચીન સમુદ્રમાં ગયો. આ તમામ વિમાન અમેરિકન વિમાનવાહક નમિત્ઝથી ઉડાન ભરી હતી. યુએસએસ રોનાલ્ડ રીગન એરક્રાફ્ટ કેરિયર યુએસએસ નિમિટ્ઝની સાથે આ કવાયતમાં પણ ભાગ લઈ રહ્યું છે.



# નેપાળમાં વડાપ્રધાન માટે લટકતી તલવાર

કાઠમંડુ, તા. ૬

નેપાળની સત્તાધારી પાર્ટી નેપાળ કમ્યુનિસ્ટ પાર્ટી(એનસીપી)નું કહેવું છે કે સંકટ કાયમ છે. પાર્ટીના સભ્યોની તોડફોડ રોકવા માટે ઉકેલની શક્યતા શોધવામાં આવી રહી છે પરંતુ હાલ કોઈ શક્યતા દેખાતી નથી. આ દરમિયાન નેપાળ કમ્યુનિસ્ટ પાર્ટી(એનસીપી)ના ચેરમેન કમલ દહલ પ્રચંડ અને વડાપ્રધાન કે.પી.ઓલીની વચ્ચે છ જુલાઈના રોજ એક વધુ મીટિંગ કોઈ સહમતી વગર સમાપ્ત થઈ છે. નેપાલની ઓનલાઈન વેબસાઈટ અનુસાર, રવિવારે બંનેની વચ્ચે બેઠક યોજાઈ હતી, પરંતુ બંને નેતા પોતાની વાતચીતથી પાછળ હટવા તૈયાર નથી. એવામાં પાર્ટી ટૂટવાની તૈયારીમાં છે અને વડાપ્રધાન કે.પી.ઓલીની ખુરશી ખતરામાં છે. રાજાશાહી સમાપ્ત થયા બાદ વર્ષ ૨૦૧૫માં નેપાળમાં નવું સંવિધાન બન્યું અને લાગુ થયું હતું. રાજાશાહીના પતન બાદ નેપાળમાં હંમેશા ગઠબંધન વાળી સરકાર જ બની છે. આ સાથી પક્ષોમાં હંમેશા દેશ હિતથી વધુ પાર્ટીહિતની હોડ લાગી છે.

**નેપાળમાં ઓલી અને દહલ વચ્ચે મતભેદો સપાટી પર : વડાપ્રધાન ઓલીની ખુરશી ખતરામાં રાજાશાહી સમાપ્ત થયા બાદ વર્ષ ૨૦૧૫માં નેપાળમાં નવું સંવિધાન બન્યું હતું**

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિક્વર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૧૬૩૦૯૩૫ | ૫૩૮૧૭૯ | ૬૫૩૮૨૦૪ |
| ભારત | ૭૧૫૧૯૦ | ૨૦૧૩૦ | ૪૩૭૧૮૯ |
| ગુજરાત | ૩૬૮૫૮ | ૧૯૬૨ | ૨૬૩૨૩ |
| ગાંધીનગર | ૮૩૩ | ૫૯ | ૫૪૮ |

# દેશમાં કોરોનાના કેસ ૭ લાખને પાર

**છેલ્લા ૨૪ કલાકમાં ૪૨૫ના મોત : મૃત્યુઆંક પણ ૨૦ હજારને પાર : આગામી મહિને દરરોજ ૧ લાખ કેસ આવી શકે છે, તાજમહલ સિવાયના અન્ય જોવાલાયક અને પુરાતન સ્થળો પર્યટકો માટે ખુલ્લા મૂકાયા, દેશમાં કુલ સંક્રમિત દર્દીઓમાંથી ૬૦%થી વધુ સાજા થયા**

ન્યુ દિલ્હી,તા.૬

દેશમાં અનલોક-૨ના પાંચમા દિવસે રવિવારે કોરોનાના ફરીથી ૨૪ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા. તે અગાઉ શનિવારે સૌથી વધારે ૨૫ હજારની નજીક ૨૪,૮૫૦ કેસો નોંધાયા હતા. તો રવિવારે પણ ૨૪,૨૪૮ જેટલા કેસો નોંધાયા હતા. આમ સતત બીજા દિવસે કેસનો આંકડો ૨૪ હજાર પર સ્થિર થયો હોય તેમ જણાય છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૫,૮૨૬ દર્દી સાજા થયા છે, જ્યારે ૪૨૦ લોકોના મોત થયા છે. તો બીજી તરફ કેરળે લોકડાઉનના નિયમો જુલાઈ ૨૦૨૧ સુધી લંબાવતાં બીજા રાજ્યો પણ સંક્રમણને રોકવા તે મુજબ લોકડાઉનના નિયમો લંબાવે તેવી શક્યતા જોવામાં આવી છે. કેમ કે સંક્રમણનો રોગ જલ્દીથી ખત્મ થાય તેમ નથી. એમ નિષ્ણાતો માની રહ્યાં છે. દિલ્હીમાં દુનિયાની સૌથી મોટી કોવિડ કેર કામચલાઉ હોસ્પિટલ પણ શરૂ થઈ છે. તેથી અન્ય હોસ્પિટલો પર ભારણ ઘટશે. દરરોજ લગભગ ૨૪ હજાર દર્દી વધી રહ્યા છે, તે જોતાં એવા અનુમાનો વ્યક્ત થઈ રહ્યાં છે કે જો આ જ રીતે કેસો વધશે તો ઓગસ્ટમાં દરરોજ ૧ લાખ કેસ આવી શકે. અલબત, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા કોરોનાના સંક્રમણને રોકવા માટેના અનેકવિધ પગલાં લેવાઈ રહ્યાં છે. દરમ્યાન, આજથી તાજમહલ સિવાયના અન્ય જોવાલાયક અને પુરાતન સ્થળો પર્યટકો માટે ખુલ્લા મૂકાયા હતા.

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા રવિવારના કેસો સાથે વધીને ૬ લાખ ૯૭ હજાર ૧૦૧ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૪,૨૪૮ દર્દી વધ્યા છે. હવે દરરોજ આવી રહેલા કેસની સંખ્યા ૨૩ દિવસમાં બમણી થઈ રહી છે. જો આ જ ગતિએ કેસો વધશે તો મહિનાના અંત સુધી ૫૦ હજાર અને આગામી મહિનાના ત્રીજા સપ્તાહમાં ૧ લાખ દર્દી પ્રતિદિવસ વધી શકે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૫,૮૨૬ દર્દી સાજા થયા છે, જ્યારે ૪૨૦ લોકોના મોત થયા છે.

## છેલ્લે... છેલ્લે...

- ગૃહ મંત્રાલયે યુનિવર્સિટીઓની અંતિમ વર્ષની પરીક્ષાઓ યોજવા યુજીસીની ગાઈડ લાઈન પ્રમાણે મંજુરી આપી છે.
- ફ્લેવીપેરાવીરનો માનવ પરનો ટ્રાયલ સાઈડ ઈફેક્ટના કારણે બંધ કરાયો.
- દાહોદના ડીડીઓ રચિત રાજને કોરોના પોઝિટિવ
- પાન કાર્ડ સાથે આધાર લીંક કરવાની મુદ્દત હવે ૩૧ માર્ચ-૨૦૨૧ કરાઈ.
- સુરતમાં ૧૦મી જુલાઈથી હીરા બજાર ચાલુ થશે.
- તાજમહેલ હમણા મુલાકાતીઓ માટે ખુલ્લો નહિ મુકાય.
- ગ્વાલિયરમાં માસ્ક નહીં પહેરનારને વિચિત્ર સજા, હોસ્પિટલમાં કામ કરવું પડશે.
- ગુજરાત રાજ્ય સરકાર દ્વારા કોરોના 'ઘર સેવા' સંજીવની વાનનો પ્રારંભ.
- કાનપુર-આગ્રા મહાનગરો માટે ચીની કંપનીનો કરાર રદ
- મિશન વંદે ભારત હેઠળ ૧૧મીએ એર ઈન્ડિયાના ૩૬ વિમાનો અમેરિકા માટે ઉડાન ભરશે.

# સૌરાષ્ટ્રમાં શ્રીકાર વર્ષા

**રાજ્યના ૧૯૫ તાલુકાઓમાં મેઘાની ધમાકેદાર બેટિંગ : માળીયા તાલુકામાં ૨૪ કલાકમાં ૭ ઈંચ વરસાદ : ખંભાળીયામાં ૨૪ કલાકમાં ૨૦ ઈંચ તો કલ્યાણપુરમાં ૧૪ ઈંચ વરસાદ ખાબક્યો : એનડીઆરએફની ૭ ટીમો સ્ટેન્ડબાય : રાજ્યનાં ૨૦૬ ડેમોમાં ૪૫.૮૫ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયો**





ગાંધીનગર,તા.૬

સમગ્ર ગુજરાતમાં મેઘરાજાએ પોતાની કૃપાદ્રષ્ટિ ઉતારી છે, પરંતુ અમદાવાદ, ગાંધીનગર સહિત અનેક એવા વિસ્તારો છે જેમાં હજુ વરસાદ નહીંવત પડ્યો છે. પરંતુ અમદાવાદના મોટાભાગના વિસ્તારોમાં રવિવારે મોડીસાંજથી મેઘરાજાએ પધરામણી કરી હતી. ત્યારે આજે વહેલી સવારથી એસજી હાઈવે સહિતના અનેક વિસ્તારોમાં ભારેથી મધ્યમ વરસાદ શરૂ થઈ ગયો છે. શહેરના અનેક વિસ્તારોની વાત કરીએ તો, આજે વસ્ત્રાપુર, સેટેલાઈટ, બોપલ, એસજી હાઈવે, સરખેજ, જીવરાજપાર્ક, પ્રહલાદનગર, જમાલપુર, પાલડી, આશ્રમરોડ, રિવરફ્રન્ટ સહિતના વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ શરૂ થયો છે. સતત પડી રહેલા વરસાદના કારણે વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે.

બીજી બાજુ અમદાવાદ સહિત આસપાસના વિસ્તારોમાં પણ વરસાદે માઝા મૂકી છે. અમદાવાદના છેડે સાણંદ સહિતના ગ્રામ્ય પંથકમાં આજે સવારથી વરસાદ શરૂ થયો છે. રાજયના સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ તરફથી મળતી માહિતી પ્રમાણે ગુજરાત રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં સાર્વત્રિક મેઘમહેર જોવા મળી રહી છે.

સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક મેઘ મહેર થઈ છે. ખંભાળીયામાં ૨૦ ઈંચ તો કલ્યાણપુરમાં ૧૪ ઈંચ વરસાદ નોધાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## ૨૦૬ ડેમોમાં ૪૫.૮૫ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયેલો

ગુજરાતમાં આ વખતે ઉનાળામાં પાણીને લઈ મોટી કાગારોળ મચી નથી, રાજયના ડેમોમાં અત્યારે ૪૫.૮૫ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે. સૌથી વધુ પાણી મધ્યગુજરાતના ૧૭ ડેમોમાં ૪૬.૧૩ ટકા છે, ઉત્તર ગુજરાતના ૧૫ ડેમોમાં ૨૭.૦૩ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમોમાં ૪૫.૯૩ ટકા, કચ્છના ૨૦ ડેમોમાં ૨૬.૮૧ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૦ ડેમોમાં ૨૭.૯૬ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે, સરદાર સરોવર ડેમમાં ૫૪.૯૯ ટકા પાણી છે. એકંદરે ૨૦૬ ડેમમાં ૪૫.૮૫ ટકા પાણી છે.

# દેશ વિરોધી અભિયાન ચલાવતી ૪૦ વેબસાઈટો પર કેન્દ્ર સરકારનો પ્રતિબંધ

ન્યુ દિલ્હી,તા.૬

દેશ વિરોધી અભિયાન ચલાવનારી ૪૦ વેબસાઈટો પર ભારત સરકારે મોટી એક્શન લીધી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૪૦ વેબસાઈટોને તાત્કાલિક ધોરણે બંધ કરી દીધી છે. એટલે કે વધુ ૪૦ વેબસાઈટો પર સરકારે પ્રતિબંધ લગાવી દીધો છે. પ્રતિબંધિત સંગઠન શીખ ફૉર જસ્ટીસ સાથે જોડાયેલી ૪૦ વેબસાઈટો પર અલગાવવાદી ગતિવિધિઓનુ સમર્થન કરવા માટે સરકાર દ્વારા રોક લગાવવામાં આવી દીધી છે. આ માહિતી ગૃહ મંત્રાલયે આપી હતી.

ગૃહ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું, 'ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (યુએપીએ), ૧૯૬૭ હેઠળ શીખ ફોર જસ્ટિસ (એસએફજે)એક ગેરકાયદેસર સંસ્થા છે. તેમણે પોતાના હેતુ માટે સમર્થકોની નોંધણી કરવાની ઝુંબેશ શરૂ કરી હતી.

ગૃહ મંત્રાલયની ભલામણ પર ઈલેક્ટ્રોનિક અને માહિતી ટેકનિક મંત્રાલયે માહિતી ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦ ની કલમ ૬૯બ હેઠળ એસએફજેની ૪૦ વેબસાઈટ્સ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો છે.

# સોલર પાવરથી ટ્રેન દોડાવનાર દુનિયાનો પ્રથમ દેશ બનશે ભારત

**રેલ્વેએ રચ્યો ઇતિહાસ : મધ્ય પ્રદેશના બીનામાં સોલર પાવર પ્લાન્ટ સ્થાપિત, ભેલના સહયોગથી ૧.૭ મેગાવોટની ક્ષમતા**

ન્યુ દિલ્હી,તા.૬

ભારતીય રેલ્વેના ટ્રેક પર હવે સોલાર પાવરની વિજળીથી ટ્રેન દોડશે. ભારતીય રેલ્વેએ તેની માટે તૈયારી કરી લીધી છે. રેલ્વેએ પોતાના પાયલટ પ્રોજેક્ટ હેઠળ મધ્ય પ્રદેશના બીનામાં સોલર પાવર પ્લાન્ટને સ્થાપિત કર્યો છે જેનાથી ૧.૭ મેગા વોટની વિજળીનું ઉત્પાદન થઈ શકે છે અને વિજળીથી ટ્રેનો દોડાવવાની તૈયારી છે.

રેલ્વેનો દાવો છે કે વિશ્વના ઈતિહાસમાં આ પ્રથમ વખત છે જ્યારે સૌર ઉર્જાનો ઉપયોગ ટ્રેનોને ચલાવવા માટે કરવામાં આવશે. આ પાવર પ્લાન્ટની ખાસ વાત એ છે કે અહીથી ૨૫ હજાર વોલ્ટની વિજળી પેદા થશે જેને ડાયરેક્ટ રેલ્વેના ઓવરહેડ પર ટ્રાન્સફર કરવામાં આવશે અને તેની મદદથી ટ્રેનોને દોડાવવામાં આવશે.